eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 245
October 29, 2010

## "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ ઈનામ વિતરણ કાર્યક્રમ



ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા ગત "જુન–જુલાઈ–૨૦૧૦ મેલેરીયા વિરોધી માસ અંતર્ગત" શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં મચ્છર, તેનું જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે સમજણ કેળવાય તે હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી

આજરોજ તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજ એડીશનલ સીટી ઈજનેરશ્રી સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા. ૨૭/૧૦/૨૦૧૦ના રોજ લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા,મસુરીના ૮ આઈ.એ.એસ. ઓફિસરોની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા,મસુરીના ૮ આઈ.એ.એસ. ઓફિસરોની ટીમ તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવી હતી. તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજની તેઓની મુલાકાત દરમ્યાન તેઓએ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોનું નિરીક્ષણ કર્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વાંચે ગુજરાત" અભિયાન

ગુજરાત રાજયની સ્થાપ્નાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજયના લોકોમાં વાંચનની રૂચિ જાગ્રત કરવા માટે મા.મુખ્યમંત્રીશ્રી ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી "વાંચે ગુજરાત" અભિયાનનો શુભારંભ કરવામાં આવેલ છે. જે હેઠળ લોકોમાં વાંચન પ્રવૃત્તિ વિકસે અને જાગૃતિ કેળવાય તે આશયથી શહેરમાં વિવિધ વાંચનાલયોમાં લોકો વાંચન માટે આવવા કેળવાય અને નવી અભિરૂચિ જાગે તેને અનુરૂપ પ્રયાસો કરવામાં આવી રહયા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ ઈનામ વિતરણ કાર્યક્રમ



ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દર વર્ષેની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા ગત "જુન–જુલાઈ–૨૦૧૦ મેલેરીયા વિરોધી માસ અંતર્ગત" શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં મચ્છર, તેનું જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન હેઠળના વિસ્તારમાં આવેલ કુલ–૩૩ શાળાઓના કુલ–૨૩૫ વિદ્યાર્થીઓ વચ્ચે અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે મેલેરીયા વિષયક નિબંધ અને કિવઝ સ્પર્ધા તથા વોર્ડ નં.૨ સી રૂદરપુરા ખાતે ચિત્ર સ્પર્ધાનું ગત જુન–જુલાઈ દરમ્યાન સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ. મહાનગરપાલિકા સુરતનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ સારી રીતે સાર્થક થયો હતો. સદર સ્પર્ધા પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ તથા તે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકને આશ્વાસન પ્રમાપપત્ર વિતરણનો કાર્યક્રમ તા.૧૮/૧૦/૨૦૧૦ના રોજ અંબાબા હરીપુરા ગર્લ્સ સ્કુલ ખાતે યોજવામાં આવેલ.

સદર ઈનામ વિતરણ કાર્યક્રમમાં સેન્ટ્રલ ઝોનના વડા એડી.સીટી ઈજનેરશ્રી કેતનભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રી એન.કે.પરમાર, આસી.આરોગ્ય અધિકારીશ્રી એ.પી.ભટ્ટ અને આસી.જંતુનાશક અધિકારીશ્રી એન.બી.સુથાર હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર સ્પર્ધા અને ઈનામ વિતરણ કાર્યક્રમમાં અંબાબા હરીપુરા ગર્લ્સ શાળાના આચાર્યા શ્રીમતી વર્ષાબેન દેસાઈનો ખુબ જ સારો સહકાર સુરત મહાનગરપાલિકાને મળવા પામેલ છે.

TOP

## સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી

આજરોજ તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજ એડીશનલ સીટી ઈજનેરશ્રી સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ઉધના ઉદ્યોગનગર સંઘમાં એસ.વી.રોડ નં.૪ પર આવેલ પ્લોટ નં.એ–૧૦/૨૫ (શંકર વિજય ટીમ્બર માર્ટ) માં માર્જીનવાળી જગ્યામાં અંદાજે ૧૫' × ૪૦ ્'૬૦૦ ચો.ફુટ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર તથા પહેલા માળે કોમર્શીયલ હેતુના ઈરાદે બનાવેલ બાંધકામ પૈકી પહેલા માળે આર.સી.સી. સ્લેબ તથા ચણતરની દિવાલ સહિતનું માર્જીનમાં દબાણરૂપ અંદાજે ૬૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા ગ્રાઉન્ડ ફલોર પરનો માલ સામાન ખાલી કરી માર્જીન સહિતનું દુકાનોનું બાંધકામ દૂર કરવા મિલ્કતદારે લેખિત બાંહેધરી આપેલ છે. આ બાંધકામના માલિકો સુરેશભાઈ પચાણભાઈ પટેલ તથા અન્યો પાસેથી ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ગેરકાયદેસર બાંધકામ સંપૂર્ણ દૂર કરવાની ડિપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધનાઝોનના દબાણ સ્ટાફ તથા શહેર વિકાસ ખાતાનો સ્ટાફ તથા જે.સી.બી. મશીન મદદથી કરવામાં આવેલ છે.

TOP

## તા. ૨૭/૧૦/૨૦૧૦ના રોજ લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા,મસુરીના ૮ આઈ.એ.એસ. ઓફિસરોની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા,મસુરીના ૮ આઈ.એ.એસ. ઓફિસરોની ટીમ તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવી હતી. તા.૨૭/૧૦/૨૦૧૦ના રોજની તેઓની મુલાકાત દરમ્યાન તેઓએ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોનું નિરીક્ષણ કર્યુ હતું.

સૌ પ્રથમ વેસ્ટઝોન વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી નિહાળી હતી. શહેરીજનોનાં ઘરેથી કચરો ઉપાડી, તેને વ્યવસ્થિત રીતે ટ્રાન્સફર સ્ટેશન સુધી પહોંચાડવાની કામગીરી નિહાળી હતી. બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભટાર ખાતે શહેરની વિવિધ હોસ્પિટલો, દવાખાના, નર્સિંગ હોમ, લેબોરેટરીમાંથી એકત્રિત કરવામાં આવેલ બાયોમેડીકલ વેસ્ટનો વૈજ્ઞાનિકઢબે નિકાલ કરવામાં આવે છે. જે નિહાળી તેઓ ઘણા પ્રભાવિત થયા હતા. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમની મુલાકાત લીધી હતી. શહેરની રમતગમતની સંસ્થાઓને વિવિધ રમતગમત સ્પર્ધાઓ, વિવિધ કલા સંસ્થાઓને તેમના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવા માટે આ એક ઉત્તમ સ્થળ હોવાનો તેમણે મત વ્યકત કર્યો હતો. પંડિત જવાહરલાલ નહેરુ ઉદ્યાન, ચોપાટી ખાતે આવેલ નાગરિક સુવિધા કેન્દ્રની કામગીરી નિહાળી હતી. ત્યાં કરવામાં આવતી કામગીરી જેવી કે મિલકત વેરાની વસુલાત, ગુમાસ્તાધારા લાયસન્સ રીન્યુઅલ, જન્મ મરણ નોંધણી, લગ્ન નોંધણી વિષયક કામગીરી નિહાળી હતી અને સુરત મહાનગરપાલિકાની આ કામગીરીને બિરદાવી હતી.

વેસ્ટઝોનમાં જોગાણીનગર ખાતે આવેલ સ્વીમીંગપુલની મુલાકાત લીધી હતી. પાલ ટ્રાન્સફર સ્ટેશનની મુલાકાત દરમ્યાન ત્યાં કરવામાં આવતી કામગીરીનું અવલોકન કર્યુ હતું. ત્યારબાદ સિંગણપોર ખાતે આવેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન બાયોગેસ ધ્વારા વિદ્યુત ઉત્પાદનની કામગીરી નિહાળી હતી. ઉત્પન્ન થયેલ વિદ્યુત ઉર્જાનો સુરત મહાનગરપાલિકા પોતે ઉપયોગ કરી ખર્ચમા ઘટાડો કરવાના આ અભિગમને મુકત કંઠે વખાણ્યો હતો. કતારગામ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન પાણીના વિવિધ તબકકાવાર શુધ્ધિકરણની પ્રક્રિયા નિહાળી હતી. કોસાડ ખાતે ઈડબલ્યુએસ આવાસની મુલાકાત દરમ્યાન શહેરી ગરીબીઓને સુવિધાપુર્ણ આવાસ પ્રદાન કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા. આ આવાસોમાં શાકભાજી માર્કેટ, કોમ્યુનીટી હોલ, શાળાની સુવિધાઓ પણ આપવામાં આવેલ છે. એ જાણી આનંદ વ્યકત કર્યો હતો.

બપોરબાદ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લઈ હિસાબી શાખાની કામગીરી નિહાળી, જરૂરી જાત માહિતી મેળવી હતી. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા ધ્વારા લાગુ પડાયેલ એરિયાબેઈઝ આકારણી વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ પધ્ધતિ શરૂ કરવાથી શહેરીજનો પોતાના મિલ્કતના ટેક્ષની ગણતરી પોતે કરી શકે છે તે જાણી પ્રભાવિત થયા હતા.

મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા તેમજ વરિષ્ઠ મ્યુ.અધિકારીશ્રીઓ સાથેની તેઓની મુલાકાત દરમ્યાન મ્યુ.કમિશ્નરશ્રીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવતી કામગીરી વિશે વિસ્તૃતપણે જણાવ્યું હતું. સુરત શહેરની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખી, ભવિષ્યના આયોજનનો ચિતાર આપ્યો હતો.

અંતમાં સ્મૃતિભેટરૂપે મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. મુલાકાતી ટીમના સભ્યશ્રી ડો.સંદીપ ભટનાગરે સુરત મહાનગરપાલિકાની તેઓની મુલાકાત સફળ રહી હોવાનું જણાવી સૌનો આભાર માન્યો હતો.

TOP

## "વાંચે ગુજરાત" અભિયાન

ગુજરાત રાજયની સ્થાપ્નાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજયના લોકોમાં વાંચનની રૂચિ જાગ્રત કરવા માટે મા.મુખ્યમંત્રીશ્રી ધ્વારા તા.૧/૪/૨૦૧૦ થી "વાંચે ગુજરાત" અભિયાનનો શુભારંભ કરવામાં આવેલ છે. જે હેઠળ લોકોમાં વાંચન પ્રવૃત્તિ વિકસે અને જાગૃતિ કેળવાય તે આશયથી શહેરમાં વિવિધ વાંચનાલયોમાં લોકો વાંચન માટે આવવા કેળવાય અને નવી અભિરૂચિ જાગે તેને અનુરૂપ પ્રયાસો કરવામાં આવી રહયા છે. ગુજરાતના દરેક ક્ષેત્રમાં સર્વાંગીય વિકાસ સાથે ગ્રંથાલય પ્રવૃત્તિનો પણ ઘણો પ્રચાર પ્રસાર થયેલ છે. સુરત મહાનગરપાલિકામાં પણ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ઉપરાંત વિવિધ ઝોનમાં અન્ય ૫૧ પુસ્તકાલયો/વાંચનાલયો વિકસાવવામાં આવ્યા છે. આ ગ્રંથાલયો જાહેર જનતા માટે જ્ઞાનની પરબ બની રહે છે. લોકોમાં વાંચનમાંથી રસ જાગૃત થાય, વાંચન ટેવ કેળવાય, વિવિધ વિષયોમાં લોકોમાં વાંચન રૂચિ વધે અને સાથોસાથ માતૃભાષા ગુજરાતી તરફ લગાવ અને માનની લાગણી પ્રેરિત થાય તે હેતુથી સમગ્ર રાજયમાં ઠેર ઠેર "વાંચે ગુજરાત" કાર્યક્રમ હેઠળ ગ્રંથ મંદિરો શરૂ કરવા, વાંચન શિબિરો યોજવી, ગ્રંથયાત્રા, પુસ્તક પ્રદર્શન, ચર્ચા સભા, લેખક મિલન સમારંભ જેવા વિવિધ કાર્યક્રમો ધ્વારા પ્રજાજનોને ગ્રંથાલયાભિમુખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા આ ક્ષેત્રે એક પગલું આગળ જઈ સને ૨૦૦૦ થી દર વર્ષે રાષ્ટ્રીય પુસ્તક મેળાનું નિયમિતપણે આયોજન કરતી આવી છે.

આ સંદર્ભે તા.૩૧/૧૦/૨૦૧૦ના રોજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, યુવા મંડળો, કારકિર્દી ઝંખતા યુવાનો, સીનિયર સીટીઝન, શિક્ષિત મહિલાઓ અને બાળકો પણ સુરત શહેરમાં આવેલ મહાનગરપાલિકા સંચાલિત તમામ વાંચનાલય/પુસ્તકાલયોનો સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન એક સાથે વાંચનના કાર્યમાં જોડાવવા માટે અનુરોધ કરે છે. અને વાંચનની આ ઉપલબ્ધ સુવિધાનો મહત્તમ લાભ લેવા વિનંતી કરે છે.

TOP